**નર્મદા બટાલીયનનું નામાભિધાન રા.અ.પો.દળ જૂથ–૧૮ તથા વડુમથક કેવડીયા કોલોની ખાતે રાખવા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક : મહક–૧૦૨૦૦૩–૭૯૬–સ
સચિવાલય, ગાંધીનગર.
તા :– 20 JAN 2012

**વંચાણમાં લીધા :–**

(૧) ગૃહ વિભાગ ઠરાવ ક્રમાંકઃ–મહક/૧૦૨૦૦૩/૭૯૩/ઈ તા.૨૦/૧/૨૦૦૫
(૨) ગૃહ વિભાગ ના સરખા ક્રમાંક ના તા.૨૬/૭/૨૦૧૦ ઠરાવ ક્રમાંકઃ– મહક/૧૦૨૦૦૯/૩૮૬૦/સ
(૩) અ.પો.મ.નિ.શ્રી (હ.એ) ગુ.રા, ગાંધીનગરની કચરીનો તા.૧૪/૧૦/૨૦૧૧ પત્રક્રમાકઃ– ગ–૧/નર્મદા બટાલીયન/૩૯૯૫/૨૦૧૧
(૪) અ.પો.મ.નિ.શ્રી (હ.એ) ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીનો તા.૨/૧૧/૨૦૧૧ પત્રક્રમાકઃ– ગ–૧/નર્મદા બટાલીયન/૪૧૬૩/૨૦૧૧

**ઠરાવ :–**

ગૃહ વિભાગના ઉપર સંદર્ભ ક્રમાંક (૧) માં દર્શાવેલ તા.૨૦/૧/૨૦૦૫ ના ઠરાવથી રા.અ.પો.દળ જૂથ–૧૪ ઉભું કરવામાં આવેલ અને તેનું વડુ મથક નર્મદા જીલ્લાના કેવડીયા ખાતે રાખવા રાખવામાં આવેલ છે. તે વખતે રાજયમાં ૧૧ એસ.આર.પી. બટાલીયન કાર્યરત હતી અને છેલ્લા ૨૦ વર્ષમાં તે વખતે કોઈ નવી બટાલીયન ઉભી કરવામાં આવી ન હતી. ગુજરાત સરહદી રાજય છે અને દરીયાઈ સીમા અને જમીન સીમા સાથે જોડાયેલું રાજય હોવાથી સલામતી માટે પૂરતી તકેદારી રાખવા માટે તથા તે વખતે રાજયનું અનામત પોલીસ દળ મહેકમ ઘણું અપુરતુ જણાવેલ હોઈ કેવડીયા કોલોની ખાતે એસ.આર.પી. બટાલીયન ઉભી કરવામાં આવી હતી અને આ બટાલીયનની સેવાઓ રાજયના ગમે તે વિસ્તારમાં લેવાનું આયોજન હતું. ત્યારબાદ સરદાર સરોવર ,નર્મદા ડેમ અને તેના મહત્વના મથકો તથા નર્મદા કેનાલની સુરક્ષા માટે જ રા.અ.પો.દળનું નવું જૂથ ઉપર સંદર્ભ (૨) માં દર્શાવેલ ગૃ.વિ.ના તા.૨૬/૭/૨૦૧૦ ના ઠરાવથી ઉભું કરવામાં આવેલ છે. આ નવું ઉભુ કરાયેલ દળનું વડુ મથક નકકી કરવા માટે ઉપર સંદર્ભ (૩) માં અને (૪) ના પત્રોથી જુદી જુદી દરખાસ્તો સરકારશ્રી સમક્ષ કરવામાં આવી હતી.

પુખ્ત વિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

(૧) હાલના તા.૨૦/૧/૨૦૦૫ થી ઉભા કરેલ રા.અ.પો.દળ જૂથ–૧૪ કેવડીયા કોલોની જી.નર્મદાનું વડુ મથક ત્યાંથી ખસેડીને કલગામ તા.ઉમરગામ જી.વલસાડખાતે રાખવામાં આવે છે.

(૨) સરદાર સરોવર ,નર્મદા ડેમ તથા નર્મદા કેનાલની સુરક્ષા માટેગૃ.વિ ના સરખા ક્રમાંક ના તા.૨૬/૭/૨૦૧૦ ઠરાવ ક્રમાંકઃ– મહક/૧૦૨૦૦૯/૩૮૬૦/સ થી ઉભી કરવામાં આવેલ બટાલીયનના નામાભિધાન રા.અ.પો.દળ જૂથ–૧૮ રાખવાનું અને તેનું વડુ મથક કેવડીયા કોલોની જી.નર્મદા ખાતે રાખવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ગૃહની તા.૧/૧૨/૨૦૧૧ ની નોંધથી સંમતિ મેળવીને બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.જી.જોષી)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,
–મા.મંત્રીશ્રી પાણી પુરવઠા જળસંપતિના અંગત સચિવશ્રી.
–માન.રા.ક.મંત્રીશ્રી, પાણી પુરવઠા જળસંપતિના અંગત સચિવશ્રી.
–સચિવશ્રી, નર્મદા,જળ સંપતિ અને કલ્પસર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(સરદાર સરોવર નર્મદા નિગમ સાથે એમ.ઓ.યુ.ની કાર્યવાહી સત્વરે પુરી કરવાની વિનંતી સહ)
–મેનેજીંગ ડીરેકટરશ્રી,સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ,ગાંધીનગર.
(એમ.ઓ.યુ.ની કાર્યવાહી સત્વરે પુરી કરવાની વિનંતી સહ)
–પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
(સરદાર સરોવર નર્મદા નિગમ સાથે એમ.ઓ.યુ.ની કાર્યવાહી સત્વરે પુરી કરવાની વિનંતી સહ)
–અધિક પોલીસ મહાનિદેશકશ્રી(વહીવટ), ગુજરાત રાજય,ગાંધીનગર.
–અધિક પોલીસ મહાનિદેશકશ્રી (હથિયારી એકમો), ગુજરાત રાજય, ગાંધીનગર.
–નાણા સલાહકારશ્રી(ગૃહ)નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
–નાણા વિભાગ/ઝ.૧–શાખા, સચિવાલય, ગાંધીનગર.
–એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ.~~બ–શાખા~~
–સેકશન અધિકારીશ્રી, અ, વ, ટ,અને બજેટ–શાખા,બ–શાખા ગૃહ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
–શાખા સીલેકટ ફાઈલ.
–નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.